# અરવલ્લી જિલ્લામાં વેલેન્ટાઈન ડેની ઉલ્લાસપૂર્વક ઉજવણી

અરવલ્લી, તા. ૧૪

વિશ્વભરમાં પ્રેમના તહેવાર તરીકે ઉજવાતા અને વિશ્વભરના યુવાધનમાં પ્રેમને એકરાર કરવા માટે મહત્વનો દિવસ ગણાતા ૧૪ ફેબ્રુઆરી વેલન્ટાઈન ડે ની ઉજવણીમાં અરવલ્લી જીલ્લામાં યુવાનો-યુવતીઓમાં ભારે થનગનાટ સાથે દિવસભર એકબીજાને પ્રેમ અને અવનવી ભેટ સોગાદોની આપલે કરી પોતાના પ્રેમની અભિવ્યક્તિ કરી પશ્ચિમી સંસ્કૃતિના આ પ્રેમના પર્વની ઉજવણી કરી હતી. મોડાસા શહેરમાં વેલન્ટાઈન ડે ની અગાઉની રાત્રીએ બજારમાં ગુલાબના ફૂલ વેંચતા ફેરિયાઓને ત્યાં ખરીદી કરવા યુવા હૈયાઓ અને કપલ્સ પણ ઉમટ્યા હતા.

મૂળ પશ્ચિમી સંસ્કૃતિનો અને છેલ્લા કેટલાય વર્ષોથી ભારતમાં પ્રચલિત થયેલ વેલેન્ટાઈન ડે એટલે પ્રેમ પર્વની ભારતમાં પણ સૌ કોઈ ઉમંગભેર ઉજવણી કરી રહ્યા છે. અરવલ્લી જીલ્લાના શહેરી વિસ્તારો સહીત ગ્રામ્ય વિસ્તારોના યુવાધનમાં પણ વેલેન્ટાઈન ડે ની ઉજવણીમાં મશગુલ બન્યા હતા. વેલેન્ટાઈન ડે ની ઉજવણી કરવા અને પ્રેમની અભિવ્યક્તિ દર્શાવવા માટે યુવકો-યુવતીઓ એ બજારો અને ગિફ્ટ આર્ટિકલની દુકાનો માંથી ટેડીબીયર, લવ હાર્ટ શો પીસ, વોલપીસ, લવ બેન્ડ સહીત અવનવી ગિફ્ટ આપી હતી. કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ એ વેલેન્ટાઈન ડે દિવસને વિશેષ દિવસ બનાવવા અવનવા આયોજન કરી ઉજવણી કરી હતી. મોડાસા શહેરમાં વેલેન્ટાઈન ડે ની અગાઉની રાત્રીએ બજારમાં ગુલાબના ફૂલ ૩૦ થી ૫૦ રૂપિયાના ભાવે યુવાહૈયાઓ અને પતિ-પત્ની દ્વારા ખરીદવામાં આવ્યા હતા.

વેલેન્ટાઈન ડે ની ઉજવણીના મેસેજ અને પોસ્ટ શોશ્યલ મીડિયામાં આપલે કરી પ્રેમના અભિવ્યક્તિના તહેવારને પ્રોત્સાહન અપાતા મેસેજે ધૂમ મચાવી હતી.

## હિંમતનગર કેનાલ ફ્રન્ટ હવે શહેરની શોભા બનશે

હિંમતનગર, તા. ૧૪

હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લાના ગૌરવમાં વધુ એક મોરપીંછ ઉમેરાયુ છે ત્યારે હિંમતનગરમાં આવેલ હાથમતી કેનાલ પર નગરપાલિકા દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે વ્યવસાયિક હેતુ માટે અદ્યતન સગવડો સાથેની દુકાન ઓફીસો તૈયાર કરાઈ છે. ત્યારે હિંમતનગર સહિત જીલ્લાવાસીઓમાં આ નહેર નથી પણ લહેર છે વિકાસની જે સાહસિકોની ભાગ્યરેખા ભવિષ્યમાં પુરવાર થનાર છે. ત્યારે નગરપાલિકાએ કેનાલ ફ્રન્ટ પર બનાવાયેલ ઓફિસો અને દુકાનોની હરાજી આગામી તા. ૧૯ ફેબ્રુઆરીના રોજ થશે.



**બનાસકાંઠામાં નવા બટાટા કાઢવાના શ્રીગણેશ...!**

બટાટાના વાવેતર માટે દેશભરમાં જાણીતા ડીસા પંથકમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ બટાટાનું વિપુલ પ્રમાણમાં વાવેતર થયા બાદ બટાટાનો પાક તૈયાર થઈ જતા ખેડૂતોએ નવા બટાટા કાઢવાના શ્રી ગણેશ કરી દીધા છે. બટાટા કાઢવાની સિઝન ખુલતા શ્રમજીવીઓ પણ મજુરીકામમાં વ્યસ્ત થઈ ગયા છે.

# ચૂંટણીમાં ઉમેદવાર દ્વારા ગ્રામજનોને દારૂ અપાય તો એક લાખનો દંડ

## ધાનેરા નગરપાલિકા વોર્ડ-૧માં ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો સહીત ગ્રામજનો દ્વારા દારૂબંધી

આમ તો ચૂંટણી માં દારૂ ની રેલમ છેલ જોવા મળતી હોય છે અને ઉમેદવારો જીતવા માટે પુષ્કળ પ્રમાણ લોકો ને દારૂ પીવડાવતા હોય છે ત્યારે આજે ધાનેરા નગરપાલિકા ની સામાન્ય ચૂંટણી માં વોર્ડ નંબર એક ના ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષ ના ઉમેદવારો ધ્વરા લોકોને દારૂ ન આપવા માટે સોગંધ વિધિ કરી છે તો બીજી તરફ લોકોએ પણ આ વાત સ્વીકારી છે અને જે દારૂ આપે તેને એક લાખ દંડ કરવાની પણ જોગવાઈ કરી છે.

ધાનેરા નગરપાલિકા ની ચૂંટણી પ્રચાર ને શાંત થવા આડે હવે માત્ર એકજ દિવસ બાકી છે ત્યારે બંને પક્ષ ના ઉમેદવારો જીતવા માટે એડી ચોંટી નું જોર લગાવી રહ્યા છે પણ ધાનેરા નગરપાલિકા વોર્ડ નંબર એક ના ઉમેદવારો દ્વારા કરવામાં આવેલા નિર્ણય થી ધાનેરા ના લોકો માં પણ



ભારે ખુશી નો માહોલ જોવા મળી રહ્યો છે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષ ના ઉમેદવારો ધાનેરા હનુમાનજી ના મંદિર ખાતે ભેગા થયા હતા અને ત્યાં વોર્ડ નમ્બર એક ના મતદારો ને પણ બોલાવ્યા હતા અને સોગંધ વિધિ કરી હતી કે અમે આ ચૂંટણી માં દારૂ નું એક ટીપું પણ લોકોને નહિ આપીએ અને જે દારૂ વેચશે તેને એક લાખ રૂપિયા નો દંડ પણ કરશું.

ગુજરાત માં ચૂંટણી ભલે નગરપાલિકાની હોય, ગ્રામપંચાયણ ની હોય કે ભલે વિધાન સભા ની હોય તેમાં ઉમેદવારો જીતવા માટે લોકો ને પુષ્કળ પ્રમાણ માં દારૂ પીવડાવતા હોય છે અને લોકો પાસેથી માટે લેતા હોય છે પરંતુ દારૂ ના નશા માં લોકો બબાલ કરે છે અને તેમને મોટા પાયે નુકશાન પણ થતું હોય છે ત્યારે વોર્ડ નંબર એક ઉમેદવારો ના નિર્ણય થી ધાનેરા ના લોકો માં પણ ખુશી પણ જોવા મળી રહી છે અને લોકોએ પણ આ નિર્ણ્ય ને સ્વીકારી લીધો છે ગાંધી ના ગુજરાત માં આમ તો દારૂ બાંધી છે પરંતુ જો એમ કહેવામાં આવે કે અન્ય રાજ્ય કરતા ગુજરાત માં દારૂ ના વેશન કરતા લોકો ગુજરાત માં વધારે છે તો તે વાત ને પણ નકારી શકાતી નથી ત્યારે ધાનેરા વોર્ડ નંબર એક ના ઉમેદવારો અને મતદારો ને જોઈ અન્ય લોકો પણ આ વાત ને સ્વીકારે તો ગાંધી ના ગુજરાત માંથી ૧૦૦ ટકા દારૂ ને ભગાડી શકાય.

# ભુંડના મારણ બાદ થરાદના વાઘાસણમાં દીપડાનો ખેડૂત પર જીવલેણ હૂમલો

થરાદ, તા. ૧૪

સોમવારે ત્રણ વાછરડી અને એક યુવક પર હુમલો કર્યા બાદ રાત્રે થરાદ તાલુકાના દિપડા ગામના મોર તળાવની જાડીમાં છૂપાયેલો દીપડો વનવિભાગને હાથતાળી આપી છટકી ગયો હતો. જે સવારમાં વાઘાસણ ગામના પ્રવિણસિંહ દરબારના ખેતરમાં આવ્યો હતો. જ્યાં તેણે ભુંડ જેવા જંગલી પ્રાણીનું મરણ પણ કર્યું હતું. ત્યારબાદ ડેલામાં પાણી પીવા માટે આવ્યો હતો. આ વખતે પનાભાઈ નાનજીભાઈ પ્રજાપતિ નામના ૫૫ વર્ષના એક આધેડ ખેડુત સાથે ભેટો થતાં તેમના પર પણ હુમલો કર્યો હતો. આથી ખેડૂતોને શરીરના વિવિધ ભાગોએ ઈજાઓ થતાં તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.બનાવની જાણ થતા બહોળી સંખ્યામાં આજુબાજુના ગામ લોકોના ટોળા ઉમટી પડતા વન વિભાગે તેમને કાબૂમાં લેવા માટે થરાદ પોલીસને જાણ કરી હતી. આથી ઈન્ચાર્જ પીઆઈ બી.આર. પટેલ તથા પીએસઆઈ ડી.એન. શર્મા પણ સ્ટાફ સાથે દોડી આવ્યા હતા. મંગળવારની સાંજે દીપડોએ જ ખેતરમાં રાયડાના વાવેતરમાં સંતાતા તેને પકડવા માટે વનવિભાગ દ્વારા પાંજરૂ ગોઠવવામાં આવ્યું હતું. પરંતુ રાત્રિના સાડા આઠ સુધી દીપડો પાંજરા તરફ ફરક્યો પણ ન હોઈ તે રાત્રે કયાં જશે અને શુ કરશે ના ખોફથી ગ્રામજનો ઘરમાં પુરાઈ રહ્યા હતા. આ જ ચિંતા અને દહેશત વાઘાસણની ચારે બાજુના ગામોમાં પણ ફેલાયેલી જોવા મળી હતી.

### એકલા ઉંઘતા ખેડૂતના છાપરામાં રાત્રે દિપડો આવ્યો

દરરોજ રાત્રીના સુમારે પ્રવિણસિંહના ખેતરનો પ્રહલાદભાઈ પ્રજાપતી નામનો ભાગીયો જીરાના પાકની રખેવાળી કરવા લાકડાના બનાવેલા ઓથમાં એકલો જ ઉંઘતો હતો. જ્યાં તેના ઓથમાં રાત્રે દિપડો ફર્યાનાં નિશાન જોવા મળ્યાં હતાં. જોકે સદનસીબે સોમવારની રાત્રે તે તેનાભાઈના ખેતરમાં જતો રહેલો હતો. પરંતુ જો રાતે તે એકલો સુતો હોત અને દિપડો આવ્યો હોત તો શુ હાલત થાત તેની કલ્પના માત્રથી ખેડૂતો ફફડી ઉઠ્યા હતા.

# ધાનેરા નજીક સીપુની પાઈપ લાઈન લીકેજ થતા હજારો લીટર પાણી વેડફાયું

## પાણી રાયડાના ઉભા પાકમાં ફરી વળતા નુકશાન

ધાનેરા નજીક સીપુ ની પાઈપ લાઈન લીકેજ થતા હજારો લીટર પાણી વેડફાઈ રહ્યું છે અને ખેડૂતોના ઉભા પાકમાં પાણી ફરી વળતા ખેડૂતોના પાકને પણ ભારે નુકશાન થવાની શંકાઓ સેવાઈ રહી છે ત્યારે લોકો ધ્વરા તંત્રને જાણ કરવા છતાં પણ હજુ સુધી કોઈ અધિકારી ઘટના સ્થળે આવતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ધાનેરા સાંકડ ગામ નજીક સીપુ ની પાઈપ લાઈન લીકેજ થતા હજારો લીટર પાણી વેડફાઈ રહ્યું છે ત્યારે આ પાણી રાયડાના ઉભા પાકમાં ફરી વળતા રાયડાના પાકને પણ ભારે નુકશાન થઈ રહ્યું છે અને ખેતરો તળાવની જેમ ભરેલા જોવા મળી રહ્યાં છે, ખેતરો જ નહિ પણ ધાનેરા-થરાદ હાઈવે ઉપર પણ આ પાણી ફરી વળતા લોકો ત્યાંથી પસાર થવું પણ મુશ્કેલ બની ગયું છે તો બીજી તરફ લોકો જણાવી રહ્યા છે કે અમારા ધ્વરા તંત્રને જાણ કરવામાં આવી છે છતાં પણ હજુ સુધી કોઈ અધિકારી ફરક્યો નથી.

ગુજરાતમાં પાણી અછતને લઈ સરકાર પણ મુંજવણ મુકાઈ ગઈ છે અને ગુજરાતના મુખ્યમંત્રી ધ્વરા ખેડૂતોને ઉનાળુ પણ ન લેવા પણ જાણ કરી છે અને નર્મદા કેનાલ ઉપરથી ખેડૂતોના કનેક્શન કાપી પાણી બચાવી રહ્યા છે ત્યારે ધાનેરા નજીક છેલ્લા બે દિવસથી પાણીની પાઈપ લાઈન લીકેજ થતા હજારો લીટર પાણી વેડફાઈ રહ્યું છે છતાં પણ પાણી બંધ કરવા માટે તંત્ર ધ્વરા હજુ સુધી કોઈજ પગલાં ભરવામાં નથી આવ્યા.



# મહેસાણા એલ.સી.બી. કચેરીનાં ટોયલેટમાં શકમંદ આરોપીની આત્મહત્યા

મહેસાણાના બલોલ ગામમાં બે દિવસ પહેલા યુવાનની થયેલી હત્યાના પકરણમાં શકમંદ આરોપીએ મહેસાણા એલ.સી.બી. કચેરીનાં ટોયલેટમાં આત્મહત્યા કરી લેતા આ સમગ્ર મામલે હાલમાં નવો વણાંક આવ્યો છે. જ્યારે શકમંદ આરોપીએ કબુલાત પણ કરી હતી અને પરિવારમાં જ આ હત્યા ભૂલ થઈ ગઈ હોવાના કારણે આત્મહત્યા આરોપીએ કરી લેવાનું હાલમાં પોલીસનું માનવું છે જ્યારે આ સમગ્ર મામલે હાલમાં જુડીસનલી તપાસ કરવામાં આવશે.

મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકામાં આવેલા બલોલ ગામમાં બે દિવસ પહેલા એક યુવાનની કરપીણ હત્યા થવા ગઈ હતી. જે મામલે કોઈ આરોપી ન દેખાતા પોલીસે ૪ ટીમો બનાવી ને તપાસ આરંભી હતી. બાલોલ ગામના ૧૭ વર્ષના નિલ પટેલના હત્યા કેસમાં મહેસાણા એસ.પી.એ આજે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જેમાં નિલ પટેલના હત્યા કેસમાં ધરપકડ કરાયેલા આરોપી મહેશ પટેલે આજે વહેલી સવારે એલ.સી.બી. કચેરીના લોકઅપમાં આત્મ હત્યા કરી લીધી હતી. નિલ પટેલની હત્યા મહેશ પટેલે આવેશમાં આવીને કરી હતી તેવા ઘટસ્પોર્ટ આરોપીએ જાતે જ પોલીસ સમક્ષ કર્યો હતો અને ટોયલેટ જવાના બહાને આરોપી મહેશ પટેલે ટોઈલેટમાં જઈને આપઘાત કરી લીધો હતો. પોલીસે ગુનામાં વપરાયેલી છરી અને લોહી લુછવા માટે વાપરેલું કપડું પણ હાલમાં કબ્જે કર્યું છે. મહેશ પટેલે નિલની હત્યા કર્યા બાદ લાગી આવતા કચેરીના બેરેકમાં જ આપઘાત કર્યો હતો અને આ સમગ્ર મામલે અને આરોપીના આપઘાત કેસની તપાસ સુપ્રીમ કોર્ટના આદેશ આનુસાર જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા હવે તપાસ કરાશે. સાથે ડીવાય એસ.પી પણ તપાસ કરશે તેવું જાણવા મળી રહ્યું છે.

# ધાનેરા ગંજરોડ પર ત્રણ દુકાનના તાળા તૂટયા

ધાનેરા માં આજે ફરીથી તસ્કરો ત્રાટકયા છે અને ધાનેરા ગંજરોડ ઉપર આવેલી ત્રણ દુકાનના તાળા તોડી ચોરી કરી છે ત્યારે સમગ્ર બાબતે ધાનેરા પોલીસે તપાસ હાથ ધરી છે.

ધાનેરા ઠંડી નો લાભ લઈ તસ્કરો જાગૃત બન્યા છે અને એક બાદ એક ચોરી ના બનાવ ને અંજામ આપી રહ્યા છે ત્યારે ગતરાત્રે ધાનેરા ગંજરોડ ઉપર આવેલી ત્રણ દુકાન ના તાળા તોડ્યા હતા અને તેમાં પડેલી વસ્તુ સહિત રોકડ રકમ ની ચોરી કરી રાફર થઈ જતા ચકચાર મચી જવા પામી છે તો બીજી તરફ દુકાન માલિકે સવારે આવી જોયું તો દુકાન માં ચોરી થાય નું જણાતા દુકાનદારો દવરા ધાનેરા પોલીસ ને જાણ કરવામાં આવી હતી અને ધાનેરા પોલીસે તાત્કાલિક આવી ચોરો ને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે તો બીજી તરફ લોકો જણાવી રહ્યા છે કે ગંજરોડ ઉપર જો પોલીસ નું પેટ્રોલિંગ વધારવામાં આવે તો આવા બનાવો કદાચ અટકાવી શકાય.




# સાબરકાંઠામાં ફરીથી વાતાવરણમાં પલ્ટો

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લામાં બુધવારે વાતાવરણમાં આવેલા પલ્ટાને કારણે આકાશ વાદળછાયુ રહ્યુ હતુ. તો બીજી તરફ દિવસ દરમ્યાન સતત ફૂંકાઈ રહેલા પવનને કારણે ખેતરોમાં પાકવાની અણી પર આવેલા ઘઉં જમીન દોસ્ત થઈ ગયા હતા. જેના કારણે ઘઉંનું આગોતર વાવેતર કરનાર ખેડૂતોને આર્થીક નુકશાન થવાની શક્યતા છે. તથા જો માવઠુ થશે તો ઘઉંના પાકનો સોથ વળી જશે.

સાબરકાંઠા જિલ્લામાં અત્યારે એક તરફ લગ્ન સીઝન ચાલી રહી છે ત્યારે થોડા દિવસ અગાઉ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. અને ક્યાંક વરસાદના છાંટા પડ્યા હતા હવે જ્યારે વાતાવરણમાં ફરીથી પલ્ટો આવ્યો છે ત્યારે ખેડૂત વર્ગ ચિંતામાં ગરકાવ થઈ ગયો છે. બુધવારે વહેલી સવારે આકાશમાં વાદળો ચઢી આવતાની સાથે જ જોરદાર પવન ફૂંકાયો હતો. આખો દિવસ સતત ચાલુ રહેલા પવનને કારણે ખેતરોમાં તૈયાર થઈને ઉભેલા ઘઉં પડી ગયા છે જેના કારણે ખેડૂતને ઉત્પાદન ઓછુ મળવાની શક્યતા છે.

બીજી તરફ ઉત્તર ભારતમાં થયેલી હિમવર્ષાને કારણે ફરીથી ઠંડી અનુભવાઈ રહી છે ત્યારે તેના કારણે પાછોતરા ઘઉંના વાવેતરને ફાયદો થશે અને કેટલાક આંબા પર મોર આવશે. જેથી ઉનાળામાં કેરીનો પાક વધુ ઉતરવાની શક્યતા છે. હાલ તો જીલ્લામાં પવનના કારણે અંદાજે ૨૦૦૦ હેક્ટર કરતા વધુ જમીનમાં ઘઉંનો સોથ વળી જતા ખેડૂતોની હાલત ન કહેવાય કે ન સહેવાય જેવી થઈ છે.





**મંડાર લીલાધારી મહાદેવ મંદિરે ભવ્ય લોકમેળો ભરાયો**

ગુજરાત રાજેસ્થાન સરહદ ઉપર આવેલ લીલાધારી મહાદેવ ના મંદિરે શિવરાત્રી ના મહા પર્વ નિમિત્તે ભવ્ય ભાતીગળ લોક મેળો ભરાયો હતો જેમાં ગુજરાત અને રાજેસ્થાન માંથી મોટી સંખ્યા માં લોકો ઉમટી પડ્યા હતા. ગુજરાત એ ભાતીગળ લોક મેળાઓ માટે જાણીતું રાજ્ય છે અને વાર તહેવારે ગુજરાત માં ભાતીગળ મેળાઓ ભરાતા હોય છે ત્યારે આજે શિવરાત્રી ના મહા પર્વ નિમિત્તે ગુજરાત રાજેસ્થાન સરહદ ઉપર આવેલ મંડાર લીલાધારી મહાદેવ ના મંદિરે ભવ્ય મેળો ભરાયો હતો જેમાં ગુજરાત રાજેસ્થાન માંથી મોટી સંખ્યા માં લોકો ઉમટી પડ્યા હતા અને ભગવાન શિવ ના દર્શન કરી ધન્યતા અનુભવી હતીહવે જો આ મંદિર ની વાત કરવામાં આવે તો આ મંદિર વર્ષો જૂનું છે અને રાજા ઓના રાજ માં આ મંદિર બનવામાં આવ્યું હતું અને આ મંદિરે જે વ્યક્તિ માનતા માંગે છે તે પણ પૂર્ણ થાય છે ત્યારે એક રાજવી ની માનતા પૂર્ણ થતાં તેને સોનાનું નંદી મંદિર માં ભેટ રૂપે અર્પણ કર્યું હતું. મંડાર ગામે ભગવાન શિવ પહાડ ઉપર બિરાજ માન છે અને ભગવાન શિવ સિવાય અન્ય દેવી દેવતાઓ પણ બિરાજમાન છે અને લોકો ખુબજ ઉત્સાહ સાથે આવી દર્શન કરી ધન્યતા અનુભવે છે.

# ધાનેરામાં કોંગ્રેસના ઉમેદવારો દ્વારા વિવિધ વોર્ડમાં કાર્યાલયોનો શુભારંભ

નગરપાલિકા ની ચૂંટણી નો પ્રચાર પ્રસાર શરૂ થઈ ગયો છે ત્યારે આજે બનાસકાંઠાના ધાનેરામાં પણ વોર્ડ ન.૨.૩.૪.૫ અને ૬માં કોંગ્રેસ કાર્યાલયનું શુભારંભ કરાયો છે.

નગરપાલિકાની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે રાજકીય પક્ષો ચૂંટણી પ્રચારને વેગીલો બનાવી રહ્યા છે. બનાસકાંઠામાં પણ આજે ધાનેરા નગરપાલિકાના વોર્ડ ન.૨, ૩, ૪, ૫ અને ૬માં કોંગ્રેસ કાર્યાલયનો શુભારંભ કરાયો છે. જેમાં કોંગ્રેસના આગેવાનો અને ઉમેદવાર જયેશ સોલંકી, રામાબેન પ્રજાપતિ, હનીફાબેન બેલીમ અને ઈશ્વરભાઈ પટેલ સહિત સ્થાનિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વોર્ડ નં-૫ના ઉમેદવાર જયેશભાઈ સોલંકીની તો નાની ઉમરમાં ધાનેરામાં ખુબ જ સારી નામના મેળવી છે અને લોકોને મદદરૂપ બની લોકચાહના મેળવી છે ત્યારે ૨૦૧૭માં આવેલ ભયાનક પુરમાં પણ જયેશભાઈ સોલંકીએ પોતાનો જીવ જોખમમાં નાખી ચાલુ પાણીમાં પડી અનેક લોકોના જીવ બચાવ્યા હતા અને પુરનું પાણી ઓસર્યા બાદ પણ લોકોના ઘરે ઘરે જઈ લોકોને ખાવાનું, કપડાં તેમજ ઘરવખરીનો સમાન આપી એક ઉમદાભર્યું કામ કર્યું હતું. એટલું જ નહીં પણ જ્યારે ધાનેરામાં લોકો જીવ જોખમમાં હતા અને ત્યારે ડોકટરોને સાથે રાખી લોકોના ઘરે ઘરે જઈ લોકોને સારવાર અને દવા આલી હતી ત્યારે હવે લોકો પણ જણાવી રહ્યા છે કે જયેશભાઈ સોલાકીએ અમારા ઉપર કરેલા ઉપકારનો બદલો અમે વ્યાજ સાથે આપીશું અને જયેશભાઈ તેમજ તેમની પેનલને ભવ્ય વિજય બનાવશું તો બીજી તરફ સુથાર સમાજના લોકો લાડીલા પ્રકાશભાઈ સુથારે પણ વોર્ડ નં ૬માં કોંગ્રેસ પક્ષમાંથી ઉમેદવારી નોંધાવી અને અને તેમની પણ ધાનેરામાં લોકચાહના સારી હોવાથી તેમને પણ વિજયી બનાવવા માટે લોકોએ ખાતરી આપી હતી ત્યારે બહાર હંમેશા લોકોની સાથે ચાલનાર અને લોકોનો અવાજ સરકાર સુધી પહોંચાડનાર બળવંતભાઈ બારોટે પણ પોતાના કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરતા મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા.